ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા:૨૮/૦૭/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
..............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લાની શાળાઓમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે.

જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લાની શાળાઓમાં અનુક્રમે તા.૧૪ જુલાઈ, ૨૦૧૬ના રોજ બ્રમ્હશ્રી વશીષ્ઠ શાળા નં. ૧ ભાવનગર, તા.૨૨ જુલાઈ, ૨૦૧૬ના રોજ છાયા પ્રાથમિક શાળા તા. ઘોઘા અને તા.૨૭ જુલાઈ, ૨૦૧૬ના રોજ અગતરીયા પ્રા. શાળા તા. મહુવા ખાતે વિધાર્થીઓ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વિજ્ઞાન વિષય પરત્વે વધુને વધુ રસ દાખવે તે હેતુથી અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગોને નિદર્શન દ્વારા વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોની સરળ તેમજ પ્રાયોગિક રજૂઆત **JOY OF SCIENCE** કાર્યક્રમ દ્વારા કરવામાં આવેલ.

આ ઉપરાંત તા.૨૨ જુલાઈ, ૨૦૧૬ના રોજ ભવાનીપુરા પ્રા. શાળા તા. ઘોઘા અને તા.૨૬ જુલાઈ, ૨૦૧૬ના રોજ તળાજા શાળા નં. ૩માં અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ દ્વારા અંધશ્રધ્ધા એટલે શું ? તેની જાણકારી આપી સમાજમાં રહેલી અંધશ્રધ્ધા પાછળનાં વૈજ્ઞાનિક કારણોની પ્રાયોગિક રજૂઆત સાથે સમજણ આપેલ. આ ઉપરાંત આપણા ઋષિમુનીઓ કેવા દીર્ઘદ્રષ્ટા હતા તે વૈજ્ઞાનિક અભિગમને સમજાવવામાં આવ્યો હતો. આવા કાર્યક્રમો પોતાની શાળામાં યોજવા ઈચ્છતી શાળાઓના આચાર્યશ્રી તેમજ શિક્ષક મિત્રો લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર ફોન નં. ૨૫૭૦૧૧૦/૨૫૭૦૧૧૧ અથવા ઈમેઈલ (krcscbvn@gmail.com) પર સવારના ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન સંપર્ક કરી શકે છે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના તમામ આચાર્યશ્રીઓ તથા શિક્ષકોએ પૂરતો સહકાર આપેલ. આ કાર્યક્રમોનો કુલ મળીને ૧૪૫૦ જેટલા વિધાર્થીઓએ લાભ લીધેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.